ઓછી-આવક નિવૃત્તિ આયોજન

વિચારવા જેવી ચાર બાબતો

St. Christopher House

CCPA
CANADIAN CENTRE for POLICY ALTERNATIVES
CENTRE CANADIEN de POLITIQUES ALTERNATIVES

Donner Canadian Foundation | Fondation canadienne Donner

WOODGREEN Opportunity made here.

METCALF FOUNDATION

કેનેડાની નિવૃત્તિ આવક વ્યવસ્થામાં ત્રણ ભાગ છે:

1. **ઓલ્ડ એજ સિક્યુરિટી (ઓએએસ OAS):** જો તમે રહેણાંકની જરૂરિયાતો પરિપૂર્ણ કરતા હોવ તો, 65 વર્ષની ઉંમરે તમને એક સામાન્ય માસિક લાભ મળી શકે. જેમની 'ઓએએસ' સિવાયની કોઇ અન્ય આવક ના હોય એવા લોકોને 'ગેરંટીડ ઇન્કમ સપ્લિમેન્ટ' (જીઆઈએસ GIS) નામનો વધારાનો લાભ મળી શકે.

ઉપરાંત 'ઓએએસ' મેળવતા પેન્શનર્સના ઓછી-આવકવાળા જીવનસાથીઓ અને કૉમન લૉ પાર્ટનર્સ માટે એક માસિક ભથ્થું પણ હોય છે. તમામ વિધવાઓ અને વિધુરો 'એલાઉન્સ ફૉર ધી સર્વાઈવર' મેળવી શકે છે. આ જીવનસાથીના આ લાભ 60 થી 64 વરસની ઉંમરમાં ઉપલબ્ધ હોય છે.

2. **ધી કેનેડા પેન્શન પ્લાન (સીપીપી CPP):** જો તમે તમારા કામ કરવાના જીવનકાળ દરમિયાન 'સીપીપી' જમા કરાવ્યું હોય તો તમને વહેલામાં વહેલું 60 વરસની ઉંમરે માસિક પેન્શન મળી શકે છે.

3. **ખાનગી પેન્શન્સ અને બચતો:** જો તમારી પાસે નોકરી મારફતનું પેન્શન અને/અથવા નિવૃત્તિ માટે તમે કરેલી બચત કરી હોય, તો તમારી નિવૃત્તિ આવકનો આ ત્રીજો ભાગ છે.

અત્રેથી રૂપાંતરિત:
http://www.totrov.com/english/pension_system.htm

'ઓછી આવક' એ શું છે?

જ્યારે તમે 65 વર્ષની ઉંમરે હશો ત્યારે તમારું પારિવારિક ચિત્ર કેવું હશે?	જૂન 2012 ના રોજ. * તમે 'ઓછી આવક' (લૉ ઇન્કમ) કહેવાશો જો તમારી આવક ('ઓલ્ડ એજ સિક્યુરિટી' ગણત્રીમાં લીધા સિવાય) આ રકમથી ઓછી હોય :
એકલ વ્યક્તિ	**$16,728**
દંપતિ, બન્નેને 'ઓલ્ડ એજ સિક્યુરિટી' (ઓએએસ પેન્શન) મળતું હોય	**$22,080**
દંપતિ, માત્ર એક સાથીદારને 'ઓએએસ' મળતું હોય, બીજા સાથીદાર 60 થી નીચે હોય	**$40,080**
દંપતિ, એક સાથીદારને 'ઓએએસ' મળતું હોય, બીજા સાથીદાર 60 થી 64ના હોય અને ભથ્થું મેળવતા હોય	**$30,912**

* આ આંકડાઓ ત્રિમાસિક ધોરણે બદલાઇ શકે છે. સર્વિસ કેનેડા પરથી તમે અદ્યતન આંકડાઓ મેળવી શકો છો, અત્રેથી:
www.servicecanada.gc.ca/eng/isp/oas/tabrates/tabmain.shtml

- આ ચાર્ટમાંની આવક મર્યાદાઓ એવા સિનિયરોને લાગુ પડે છે જે 'ઓલ્ડ એજ પેન્શન' (ઓએએસ) માટે લાયક હોય.
- આનો અર્થ એ છે કે તમારા 18મા થી 65મા જન્મદિન વચ્ચેનાં 47 વરસમાંથી તમે કેનેડામાં ઓછામાં ઓછાં 40 વરસ રહ્યા છો.
- તમને અંશત: 'ઓએએસ' પેન્શન મળી શકે જો તમે ઓછાં વરસ કેનેડામાં રહ્યા હો. એવા કિસ્સાઓમાં આવક મર્યાદા વધુ ઊંચી હોઇ શકે.

'ઓછી આવક' શું છે એ સમજાવતો ચાર્ટ જોવા આ ફ્લૅપ ખોલો.

તૈયાર કરનાર
જહોન સ્ટેપલ્ટન, ઓપન પૉલીસી ઑંટેરિઓ

ઓછી-આવક નિવૃત્તિ આયોજન

પાન 2 — હું 'ગેરન્ટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' કેવી રીતે મેળવી શકું?

પાન 4 — સીપીપી અર્લી રિટાયરમેન્ટ મારા માટે યોગ્ય છે?

પાન 9 — હું 65 નો થાઉં તે પહેલાં બચતનો સૌથી બુધ્ધિયુક્ત રસ્તો કયો છે?

પાન 13 — 65 થી 71 ની ઉંમર દરમિયાન બચતનો એક બુધ્ધિયુક્ત રસ્તો.

હું 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' કેવી રીતે મેળવી શકું?

પ્રશ્નો

1. 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' (જીઆઈએસ) શું છે?

2. કોણ તેને માટે લાયક ઠરે?

3. 'ઓછી આવક' એટલે શું તમે શું કહેવા માંગો છો?

4. 'ઓલ્ડ એજ સિક્યુરિટી' માટે કોણ લાયક ઠરે?

5. હું અરજી કરવા માગું છું. હું કેવી રીતે શરૂઆત કરું?

1. 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' શું છે?

65 વર્ષની ઉંમરે, 'ઓએએસ' પેન્શન સિવાયની નજીવી અથવા કોઈ આવક ના હોય એવા લોકોને **'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' (જીઆઈએસ)** નામનો વધારાનો માસિક લાભ મળી શકે છે.

2. 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' (જીઆઈએસ) માટે કોણ લાયક ઠરી શકે?

- તેના માટે તમે 65 વર્ષના થાવ ત્યારે અરજી કરી શકો છો.
- તમે એ મેળવી શકો જો: – તમારી આવક પૂરતી ઓછી હોય **અને**
  – જો તમે 'ઓલ્ડ એજ સિક્યુરિટી' માટે લાયક ઠરતા હો.

3. 'ઓછી આવક' એટલે શું કહેવા માંગો છો?

- આ પુસ્તિકાની શરૂઆતમાં આપેલું પત્રક જુઓ.
- જ્યારે તમે 65 ના થશો ત્યારે તમારી આવક (ઓલ્ડ એજ સિક્યુરિટી પેન્શનને ગણત્રીમાં લીધા સિવાય) તેમાં દર્શાવેલા સ્તર કરતાં નીચી હશે?

4. 'ઓલ્ડ એજ સિક્યુરિટી' માટે કોણ લાયક ઠરે?

- એ પત્રકમાં દર્શાવાયેલી આવક મર્યાદાઓ એ સિનિયર્સને લાગુ પડે જેઓ **પૂર્ણ** 'ઓલ્ડ એજ સિક્યુરિટી (ઓએસએસ)'ને લાયક હોય.
- આનો અર્થ એ છે કે તમારા 18મા થી 65મા જન્મદિન વચ્ચેનાં 47 વરસમાંથી તમે કેનેડામાં ઓછામાં ઓછાં 40 વરસ રહ્યા છો.
- તમને અંશતઃ 'ઓએએસ' પેન્શન મળી શકે જો તમે ઓછાં વરસ કેનેડામાં રહ્યા હો. એવા કિસ્સાઓમાં આવક મર્યાદા વધુ ઊંચી હોઈ શકે.
- 'ઓછી આવક'વાળા લોકો કે જેમને અંશતઃ 'ઓએએસ' મળતું હશે **તેમણે જીઆઈએસ માટે પણ અરજી કરવી જોઈએ!** તેમના અંશતઃ 'ઓએએસ' પેન્શનને ભરપાઈ કરવા તેમને વધારાનો 'જીઆઈએસ' લાભ મળી શકે.

5. હું અરજી કરવા માગું છું. હું કેવી રીતે શરૂઆત કરું?

તમારે 'જીઆઈએસ' માટે ફક્ત એક જ વાર અરજી કરવાની હોય છે. તે પછી, દર સાલ તમારે વાર્ષિક ટેક્સનું પત્રક જ મોકલવાનું હોય છે. તે સરકારને જણાવશે કે તમે હજી પણ લાયક છો કે કેમ.

તમે શરૂઆત કરો તે પહેલાં:

આ વેબસાઈટ્સ જુઓ અને તમારી અંગત માહિતીને અદ્યતન કરો:
http://www.servicecanada.gc.ca/eng/isp/common/proceed/vupiinfo.shtml
તમારી નિવૃત્તિ-આવકની ગણત્રી કરો :
http://www.servicecanada.gc.ca/eng/isp/common/cricinfo.shtml

'ઓલ્ડ એજ સિક્યુરિટી' માટે અરજી કરવા:

અરજીનું ફોર્મ ડાઉનલોડ કરો:
http://www.servicecanada.gc.ca/eforms/forms/sc-isp-3000(2014-03-03)e.pdf
માહિતી પત્રક ડાઉનલોડ કરો:
http://www.servicecanada.gc.ca/eforms/forms/sc-isp-3000a(2014-03-03)e.pdf

'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' માટે અરજી કરવા:

અરજીનું ફોર્મ ડાઉનલોડ કરો:
http://www.servicecanada.gc.ca/eforms/forms/sc-isp-3025(2014-04-03)e(14-15).pdf
માહિતી પત્રક અને સૂચનાઓ ડાઉનલોડ કરો:
http://www.servicecanada.gc.ca/eforms/forms/sc-isp-3025a(14-15)(2014-04-03)e.pdf

વધુ જાણકારી મેળવો:

http://www.servicecanada.gc.ca/eng/isp/pub/oas/gismain.shtml#b

‘સીપીપી અર્લી રિટાયરમેન્ટ’ મારા માટે યોગ્ય છે?

પ્રશ્નો

1. ‘સીપીપી અર્લી રિટાયરમેન્ટ’ શું છે?

2. ‘ઓછી આવક’નો અર્થ તમે શું કહેવા માંગો છો?

3. શું તમે ‘ઓલ્ડ એજ સિક્યુરિટી’ માટે લાયક ઠરશો?

4. શા માટે ‘ઓછી આવક’વાળી વ્યક્તિએ ‘સીપીપી અર્લી રિટાયર્મેન્ટ’ લેવું જોઈએ?

5. હું ‘સોશ્યલ એસિસ્ટન્સ’ પર હોઉં તો આમ કરવું અર્થપૂર્ણ થાય?

6. શા માટે મને 65ની ઉંમરનો ના થાઉં ત્યાં સુધી રાહ જોવાનું કહેવામાં આવે છે?

7. મારે અરજી કરવી છે. હું કેવી રીતે શરૂ કરું?

1. ‘સીપીપી અર્લી રિટાયરમેન્ટ’ શું છે?

- ‘સીપીપી’ એટલે ‘કેનેડા પેન્શન પ્લાન’. જો તમે કામ કરતી વખતે ‘કેનેડા પેન્શન પ્લાન’માં ફાળો આપ્યો હોય, તો તમને એક પેન્શન મળે.
- મોટાભાગના લોકોને ‘સીપીપી’ મળવાની શરૂઆત 65 ની ઉંમરે થાય છે. તમે જ્યારે 60 ના થાવ ત્યારે અરજી કરી શકો છો. તેને ‘સીપીપી અર્લી રિટાયરમેન્ટ’ કહે છે.
- તમે 65 વર્ષે અરજી કરો અને મળે તેના કરતાં ઓછા પૈસા મળશે.
  પરંતુ, 65 ની ઉંમર પછી જો તમારી આવક થોડીક અથવા ‘ઓએએસ’ પેન્શન’ સિવાય બિલકુલ ન હોય તો ‘સીપીપી’ વહેલું લેવું બહેતર હોય છે.

2. ‘ઓછી આવક’ એટલે તમે શું કહેવા માંગો છો?

- અમારો મતલબ છે કે એટલી ઓછી કે ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ)’ માટે લાયક ઠરવા પૂરતી હોય.
- આ પુસ્તિકાની શરૂઆતમાં આપેલું પત્રક જુઓ. જ્યારે તમે 65 ના થશો ત્યારે તમારી આવક (ઓલ્ડ એજ સિક્યુરિટી પેન્શનને ગણત્રીમાં લીધા સિવાય) તેમાં દર્શાવેલા સ્તર કરતાં નીચી હશે?

3. શું તમે ‘ઓલ્ડ એજ સિક્યુરિટી (ઓએએસ) માટે લાયક ઠરશો?

- ‘ઓછી આવક’ના જે લોકો ‘ઓએએસ’ માટે લાયક હોય તેઓ ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ) માટે અરજી કરી શકે છે.
- એ પત્રકમાં આપેલી આવક મર્યાદા એ સિનિયર્સને લાગુ પડે છે જે પૂર્ણ ‘ઓએએસ’ માટે લાયક ઠર્યા હોય. **પૂર્ણ** ‘ઓએએસ’નો અર્થ એ છે કે તમારા 18મા થી 65મા જન્મદિન વચ્ચેનાં 47 વરસમાંથી તમે કેનેડામાં ઓછામાં ઓછાં 40 વરસ રહ્યા છો.
- તમને **અંશતઃ** ‘ઓએએસ’ પેન્શન મળી શકે જો તમે ઓછાં વરસ કેનેડામાં રહ્યા હો. એવા કિસ્સાઓમાં આવક મર્યાદા વધુ ઊંચી હોઈ શકે.
- ‘ઓછી આવક’વાળા લોકો કે જેમને અંશતઃ ‘ઓએએસ’ મળતું હશે તેમણે 60 ની ઉંમરે ‘અર્લી સીપીપી’ માટે અને 65 ની વયે ‘જીઆઈએસ’ માટે **પણ** અરજી કરવી જોઈએ!

4. શા માટે એક 'ઓછી આવક'વાળી વ્યક્તિએ વહેલું 'સીપીપી' લેવું જોઈએ?

- તમને થોડાક પૈસા તરત મળતા થઈ જશે.
- તમને 65ની ઉંમરે 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ)' મળવાની શક્યતા છે. જેની પાસે સાવ થોડી અથવા 'ઓએએસ' સિવાય કોઈ આવક ન હોય એવા સિનિયર માટે આનું મૂલ્ય ઘણું વધારે હોઈ શકે છે.
- 'સીપીપી'ના લાભો 'જીઆઈએસ'ને ડોલર પર 50 સેન્ટ ઘટાડી નાખે છે. તમે 'સીપીપી' વહેલું લો છો, એટલે તમને ઓછા મળે છે, તેથી તેઓ 'જીઆઈએસ'ને એટલું ઘટાડી નહીં શકે.
- **65 ની ઉંમર સુધી રાહ જોવા કરતાં તમને વધારે સારી આવક થશે.**

5. જો હું 'સોશ્યલ આસિસ્ટન્સ' પર હોઉં તો આમ કરવું તર્કસંગત છે?

ના, બે કારણોસર.

1. સરકાર તમારું સોશ્યલ આસિસ્ટન્સ ઘટાડી નાંખશે.

2. જ્યારે તમે 65 ના થશો ત્યારે ગમે તેમ પણ તમે સંભવતઃ 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' માટે તો લાયક ઠરવાના જ છો.

6. શા માટે હું 65 નો ના થાઉં ત્યાં સુધી રાહ જોવાનું કહેવામાં આવે છે?

- કારણ કે મોટાભાગની નાણાંકીય સલાહ ઊચ્ચ આવકવાળા લોકોને ધ્યાનમાં રાખીને અપાતી હોય છે.
- વધુ આવકવાળા લોકો રાહ જોવાનું પસંદ કરે જેથી તેમનું 'સીપીપી' બાકીના જીવનકાળ દરમિયાન ઊંચું રહે.
- પરંતુ, ઊચ્ચ આવકવાળા લોકો 'જીઆઈએસ' માટે લાયક નહીં ઠરે.
- ઓછી આવકવાળા લોકો જો વહેલું 'સીપીપી' લે તો ઘણીવાર વધારે સારી રીતે રહી શકતા હોય છે.

"You have to think long-term. You can't afford to be old yet."

અધ્યયન લાયક કિસ્સો: હજી નિવૃત્ત થયા નથી

લીસા 59 વર્ષનાં છે અને એકલાં છે. તેઓ 60 ની ઉંમરે 'સીપીપી અર્લી રિટાયરમેન્ટ' લેવા ઈચ્છે છે. પરંતુ લીસાને 60 પછી કદાચ 65 પછી પણ કામ કરતા રહેવું છે.

શું તે એમ કરી શકે?

જવાબ: હા!

- જાન્યુઆરી 1, 2012 થી શરૂ કરીને, તમે કેનેડા પેન્શન 60 ના થાવ કે તરત મેળવી શકો છો.
- તમારે કામ કરતા બંધ થવું જરૂરી નથી.
- છુપી શરત: કામ કરતા રહો ત્યાં સુધી તમારે 'સીપીપી' ભરતા રહેવું પડે.
- સારા સમાચાર: તમારા ભવિષ્યના લાભો વધે છે કારણ કે તમે હજી તેમાં પૈસા ભરો છો.
- **વધુ જાણકારી અહીંથી મેળવો:**
  http://retirehappyblog.ca/four-reasons-why-you-should-still-take-cpp-early-post-2011-rules

અધ્યયન લાયક કિસ્સો: અશક્ત

જ્યોર્જ 60 ના છે અને એકલા છે. એ તાજેતરમાં જ ઓંટેરિઓ વર્ક્સમાંથી 'ઓંટેરિઓ ડિસએબીલિટી સપોર્ટ (ઓડીએસપી)' માં આવ્યા છે.

શું તેમણે 'સીપીપી અર્લી રિટાયરમેન્ટ' લેવું જોઈએ?

જવાબ: ના!

- 'કેનેડા પેન્શન પ્લાન'માં પણ ડીસએબિલિટી બેનીફિટ્સ હોય છે. જ્યોર્જ રિટાયરમેન્ટ પેન્શનને બદલે 'સીપીપી ડીસએબિલિટી' માટે લાયક ઠરશે. જો 'ઓડીએસપી' જ્યોર્જને 'સીપીપી ડીસએબિલિટી' માટે અરજી કરવાનું કહે તો, તેમણે ચોક્કસ કરવી જ જોઈએ.
- જ્યોર્જના 'ઓડીએસપી' લાભો તેમના 'કેનેડા પેન્શન'ની રકમ જેટલા ઘટી જશે. તેથી જ્યોર્જ વધુ મેળવતા નથી.
- 65ની ઉંમરે, જ્યોર્જનું 'સીપીપી ડીસએબિલિટી પેન્શન' એ 'સીપીપી રિટાયર્મેન્ટ પેન્શન' બની જશે. એ 'ઓડીએસપી'થી મુક્ત થશે, તેથી તેઓ હવે તેને ઘટાડી નહીં શકે.

અધ્યયન લાયક કિસ્સો: 'ઑંટેરિઓ વર્ક્સ' મેળવતા

લોઈસ 60નાં છે અને તેમને માસિક $626 'ઑંટેરિઓ વર્ક્સ' મળે છે.

શું તેમણે 'સીપીપી અર્લી રિટાયરમેન્ટ' લેવું જોઈએ?

જવાબ: તેમાં સારાં અને નરસાં પાસાં છે.

- 'કેનેડા પેન્શન'ના ડોલર સામે 'ઑંટેરિઓ વર્ક્સ (ઓડબલ્યુ)' ડોલર ઘટાડે છે.
- પરંતુ 'ઑંટેરિઓ વર્ક્સ (ઓ ડબલ્યુ)' દર મહિને માત્ર $626 છે.' અર્લી સીપીપી' દર મહિને $689.45 સુધી હોઈ શકે છે. લોઈસે એ શોધી કાઢવું જોઈએ કે એ તેને માટે યોગ્ય છે કે કેમ.
- જો લોઈસ 'સીપીપી' પર જાય તો તે ઑંટેરિઓ વર્ક્સ'નું ડ્રગ કાર્ડ ગુમાવશે.
- બીજી બાજુ, 'અર્લી સીપીપી' લેવાથી લોઈસ તેમનાં 'સીપીપી'નાં ચુકવણાં જીવનભર માટે ઓછાં કરશે. જ્યારે તે 65 નાં થશે, તેમને 'જીઆઈએસ' વધારે મળશે- દર મહિને $174.44 સુધી વધુ.

લોઈસે થોડીક વિચારણા કરવાની રહે:

- લોઈસે એ શોધી કાઢવું જોઈએ કે તેમને 'સીપીપી'માંથી કેટલા મળવાના છે.
- તેમણે તેને ઑંટેરિઓ વર્ક્સમાંથી જે મળે છે તેની સાથે સરખાવવા જોઈએ.
- તેમણે તેમાં પોતાના ઓડબલ્યુ ડ્રગ કાર્ડનું મૂલ્ય પણ વિચારણામાં લેવું જોઈએ.

7. મારે અરજી કરવી છે. હું કેવી રીતે શરૂઆત કરું?

- આ વેબસાઈટ્સ જુઓ અને તમારી અંગત માહિતીને અદ્યતન કરો:
http://www.servicecanada.gc.ca/eng/isp/common/proceed/vupiinfo.shtml

- તમે 'સીપીપી'માં કેટલો ફાળો જમા કરાવ્યો છે એ શોધી કાઢો:
http://www.servicecanada.gc.ca/eng/isp/common/proceed/socinfo.shtml

- તમારી નિવૃત્તિ-આવકની ગણત્રી કરો:
http://www.servicecanada.gc.ca/eng/isp/common/cricinfo.shtml

- કેનેડા પેન્શન માટે અરજી કરો:
http://www.servicecanada.gc.ca/eng/isp/common/rtrinfo.shtml

હું 65 નો થાઉં તે પહેલાં બચત કરવાનો સૌથી બુધ્ધિયુક્ત રસ્તો કયો છે?

પ્રશ્નો

1. 'ઓછી આવક'થી તમારો શું મતલબ છે?
2. 'ઓલ્ડ એજ સિક્યુરિટી માટે કોણ લાયક ઠરે છે?
3. શું એક 'ઓછી આવક'વાળી વ્યક્તિ માટે નિવૃત્તિ અર્થે 'આરઆરએસપી'માં બચત કરવી સારો રસ્તો કહેવાય?
4. શા માટે 'આરઆરએસપી' જતે દિવસે મને હાનિ કરશે?
5. 'ઓછી આવક'વાળી વ્યક્તિ માટે બચત કરવાનો બહેતર માર્ગ કયો છે?
6. 'ટેક્સ ફ્રી સેવિંગ્સ એકાઉન્ટ' વિશે સંઘીય (ફેડરલ) સરકાર શું કહે છે?
7. હું શરૂઆત કેવી રીતે કરું?

1. 'ઓછી આવક'નો અર્થ તમે શું કહેવા માંગો છો?

- અમારો મતલબ છે કે એટલી ઓછી જે 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' (જીઆઈએસ) માટે લાયક ઠેરવે.
- આ પુસ્તિકાની શરૂઆતમાં આપેલું પત્રક જુઓ. તમે 65 ના થશો ત્યારે શું તમારી આવક ('ઓલ્ડ એજ સિક્યુરિટી પેન્શન'ને ગણત્રીમાં લીધા સિવાય) તેમાં દર્શાવેલા સ્તર કરતાં ઓછી હશે?

2. ‘ઓલ્ડ એજ સિક્યુરિટી’ માટે કોણ લાયક ઠરે?

- પત્રકમાં દર્શાવેલી આવક મર્યાદા એ સિનિયર્સને લાગુ પડે છે જેઓ **પૂર્ણ** ‘ઓલ્ડ એજ સિક્યુરિટી’ (ઓએએસ)ને લાયક ઠરતા હોય છે.
- આનો અર્થ એ છે કે તમારા 18મા થી 65મા જન્મદિન વચ્ચેનાં 47 વર્ષમાંથી ઓછામાં ઓછાં 40 વર્ષ તમે કેનેડામાં રહ્યા છો.
- તમને અંશતઃ ‘ઓએએસ’ પેન્શન મળી શકે જો તમે ઓછાં વરસ કેનેડામાં રહ્યા હો. એવા કિસ્સાઓમાં આવક મર્યાદાઓ વધુ ઊંચી હોઈ શકે.
- ‘ઓછી આવક’વાળા લોકો કે જેમને અંશતઃ ‘ઓએએસ’ મળતું હશે **તેમણે જીઆઈએસ માટે પણ અરજી કરવી જોઈએ!** તેમના અંશતઃ ‘ઓએએસ’ પેન્શનને ભરપાઈ કરવા તેમને વધારાનો ‘જીઆઈએસ’ લાભ મળી શકે.

3. શું ‘ઓછી આવક’વાળી એક વ્યક્તિ માટે નિવૃત્તિ અર્થે ‘આરઆરએસપી’માં બચત કરવી સારો રસ્તો કહેવાય?

ના.

- ‘રજીસ્ટર્ડ રિટાયરમેન્ટ સેવિંગ્સ પ્લાન (આરઆરએસપી)’ એ નાણાં બચાવવાનો અને સાથોસાથ કરવેરામાં રાહત પણ મેળવવાનો એક રસ્તો છે.
- ઓછી આવકવાળી વ્યક્તિ તરીકે, તમે નજીવો કે બિલકુલ નહીં એવો કર ભરો છો. તેથી કરવેરામાં રાહતનો તમારે માટે કોઈ ઉપયોગ નથી.
- ઉપરાંત,‘આરઆરએસપી’ તમને લાંબે ગાળે હાનિ કરી શકે.

4. શા માટે ‘આરઆરએસપી’ મને લાંબે ગાળે હાનિ કરી શકે?

જ્યારે તમે નિવૃત્ત થશો, ત્યારે અત્યારના કરતાં વધુ સારી સ્થિતિમાં હશો.

ઓછી આવકવાળી વ્યક્તિ તરીકે, તમને મળતું હશે:

- **‘ઓલ્ડ એજ સિક્યુરિટી (ઓએએસ પેન્શન)’**
- **‘ કેનેડા પેન્શન (સીપીપી)’**
- **‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ)’**

- ‘ઓએએસ પેન્શન’ સિવાય નજીવી કે બિલકુલ આવક ના હોય એવા એક સિનિયર માટે ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ’નું મૂલ્ય ઘણું વધારે હોઈ શકે છે.
- જો તમારાં નાણાં ‘આરઆરએસપી’માં હોય તો તો તમે જ્યારે 71ના થાવ ત્યારે પાછાં લેવાની શરૂઆત કરવાની હોય છે. 65 ની ઉંમર પછી ‘આરઆરએસપી’ના તમે મેળવેલા પ્રત્યેક ડોલર દીઠ, તમારું ‘જીઆઈએસ’ 50 સેન્ટથી ઘટે છે.

5. બચતનો કોઈ વધુ સારો રસ્તો છે?

- ‘ટેક્સ ફ્રી સેવિંગ્સ એકાઉન્ટ (ટીએફએસએ)’ ખોલવા વિષે વિચારો.
- આ એક વિશેષ ખાતું છે જેના વિશે તમે તમારી બેંકમાં પૂછી શકો.
- તેમાં તમે દર વર્ષે $5,500 સુધી બચાવી શકો.
- તેમાં વ્યાજની કમાણી થશે અને તમને ટેક્સ નહીં લાગે.
- જ્યારે તમે નાણાં ઉપાડો ત્યારે પણ સરકાર ટેક્સ લેતી નથી.
- તમારા ‘જીઆઈએસ’માંથી એક પાઈ પણ નહીં લે.



6. સંઘીય (ફેડરલ) સરકાર શું કહે છે?

'ઈન્કમ-ટેસ્ટેડ બેનીફિટ્સ' પર કોઇ અસર નહીં થાય

'ટીએફએસએ' મારફત થયેલી આવક અથવા તેમાંથી ઉપાડેલાં નાણાંની કે 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ' તથા 'કેનેડા ચાઈલ્ડ બેનીફિટ' જેવી ક્રેડિટ્સની અસર તમારી 'ફેડરલ ઈન્કમ-ટેસ્ટેડ બેનીફિટ્સ'ની લાયકાતને અસર નહીં કરે. **તેનાથી ઓછી અને સાધારણ આવક ધરાવતા લોકોને બચત કરવા માટે પ્રોત્સાહન મળશે.**

http://www.tfsa.gc.ca/incometestedbenefits-eng.html

એક દાખલો

ઓછી અને સાધારણ આવક ધરાવતા કેનેડિયનો માટે લાભ

એલેક્ઝેન્ડર અને પેટ્રિશિયા, એક સાધારણ આવક ધરાવતું દંપતિ, જ્યારે નિવૃત્ત થશે ત્યારે 'ઓલ્ડ એજ સિક્યુરિટી' અને 'કેનેડા પેન્શન પ્લાન' ઉપરાંત 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ)' મેળવવાની અપેક્ષા રાખે છે.

તેમણે વર્ષો સુધી 'ટીએસએફએ'માં બચત કરી છે અને હવે તેમની 'ટીએસએફએ' બચતમાંથી મહિને $2000 ની વ્યાજની આવક કરે છે. આ આવક, કે પછી 'ટીએસએફએ'માંથી ઉપાડેલી રકમોની અસર, તેમના મળવાપાત્ર 'જીઆઈએસ' લાભો (કે બીજા કોઇ 'ફેડરલ ઈન્કમ-ટેસ્ટેડ બેનીફિટ્સ' અને ક્રેડિટ્સ) ઉપર નહીં થાય.

જો આ $2000 તેમણે ('ટીએસએફએ' સિવાય) કમાયા હોત તો તેમના 'જીઆઈએસ' લાભોને $1000 થી ઓછા કરી નાખ્યા હોત.

http://www.tfsa.gc.ca/tfsapamphlet-eng.html

7. હું કેવી રીતે શરૂઆત કરું?

- જો તમે 65 થી ઓછી વયના, ઓછી-આવકવાળા હોવ અને તમારી પાસે થોડાંક નાણાં બચાવવા જેવાં હોય તો 'ટેક્સ ફ્રી સેવિંગ્સ એકાઉન્ટ (ટીએફએસએ)' પસંદ કરો, 'આરઆરએસપી' નહીં.
- જો તમે 'આરઆરએસપી'માં ફાળો આપતા હોવ, તો બંધ કરો.
- તમારા 'આરઆરએસપી'ને 'ઓગાળવા'ની વિચારણા કરો.
- **વધુ જાણકારી મેળવો:**
  http://www.blue-collar-financial-planning.com/RRSP-meltdown.html
- તમારી બેંકમાં જાવ અને 'ટેક્સ ફ્રી સેવિંગ્સ એકાઉન્ટ' ખોલાવો. તેમાં તમે વર્ષે $5,500 સુધી મૂકી શકો છો.

65 અને 71 ની ઉંમર વચ્ચે બચત કરવાનો એક બુધ્ધિયુક્ત રસ્તો

પ્રશ્નો

1. શું હું 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ)' માટે લાયક ઠરું છું?
2. 'ઓછી આવક' એટલે તમે શું કહેવા માંગો છો?
3. 'ઓલ્ડ એજ સિક્યુરિટી' માટે કોણ લાયક ઠરે?
4. મારી આવક 'જીઆઈએસ'ની મર્યાદા કરતાં સહેજ જ ઉપર છે. લાયક ઠરવા હું કંઈક કરી શકું?
5. પરંતુ મેં સાંભળ્યું છે કે 'આરઆરએસપી' તમે નિવૃત્ત થતા **પહેલાં** જ ખરીદી શકો. શું એ સાચું છે?
6. જ્યારે હું 71 નો થઈશ ત્યારે શું થશે?
7. તે કેવી રીતે કામ કરે છે તેનો એક દાખલો આપી શકશો?

1. શું હું 'ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ)' માટે લાયક ઠરું છું?

- આ 'સપ્લિમેન્ટ' (પૂર્તિ) એ ઓછી આવકવાળા સિનિયર્સને મદદ માટેના વધારાના પૈસા છે.
- એક ઓછી-આવકવાળી વ્યક્તિ માટે એ મોટો ફરક કરી શકે.
- તમે જ્યારે 65 ના થાવ ત્યારે તમે અરજી કરી શકો.
- તમને એ મળી શકે જો:
  - તમારી આવક પૂરતી ઓછી હોય **અને**
  - તમે 'ઓલ્ડ એજ સિક્યુરિટી' માટે લાયક ઠરતા હોવ.

2. ‘ઓછી આવક’ એટલે તમે શું કહેવા માંગો છો?

- આ પુસ્તિકાની શરૂઆતમાં આપેલું પત્રક જુઓ.
- જ્યારે તમે 65 ના થશો ત્યારે તમારી આવક (ઓલ્ડ એજ સિક્યુરિટી પેન્શનને ગણત્રીમાં લીધા સિવાય) તેમાં દર્શાવેલા સ્તર કરતાં નીચી હશે

3. ‘ઓલ્ડ એજ સિક્યુરિટી’ માટે લાયક કોણ ઠરે?

- આ ચાર્ટમાંની આવક મર્યાદાઓ એવા સિનિયરોને લાગુ પડે છે જે **પૂર્ણ** ‘ઓલ્ડ એજ સિક્યુરિટી (ઓએએસ) માટે લાયક હોય.
- આનો અર્થ એ છે કે તમારા 18મા થી 65મા જન્મદિનો વચ્ચેનાં 47 વરસમાંથી તમે કેનેડામાં ઓછામાં ઓછાં 40 વરસ રહ્યા છો.
- તમને અંશતઃ ‘ઓએએસ’ પેન્શન મળી શકે જો તમે ઓછાં વરસ કેનેડામાં રહ્યા હો. એવા કિસ્સાઓમાં આવક મર્યાદા વધુ ઊંચી હોઈ શકે.
- ‘ઓછી આવક’વાળા લોકો કે જેમને અંશતઃ ‘ઓએએસ’ મળતું હશે **તેમણે જીઆઈએસ માટે પણ અરજી કરવી જોઈએ!** તેમના અંશતઃ ‘ઓએએસ’ પેન્શનને ભરપાઈ કરવા તેમને વધારાનો ‘જીઆઈએસ’ લાભ મળી શકે.

4. મારી આવક ‘જીઆઈએસ’ની મર્યાદા કરતાં સહેજ જ ઉપર છે. લાયક ઠરવા હું કંઈક કરી શકું?

- **હા.** તમે ‘રજીસ્ટર્ડ રિટાયમેન્ટ સેવિંગ્સ પ્લાન’ (આરઆરએસપી) માં બચત કરીને તમારી આવકને ઓછી કરી શકો.
- તમારી ‘ઈન્કમટેક્સ નોટિસ ઓફ એસેસમેન્ટ’ જણાવશે કે ‘આરઆરએસપી’માં કેટલા મૂકવાની તમને છુટ છે. તેને ‘કપાતની મર્યાદા’ (‘ડિડક્શન લિમિટ’) અથવા ‘આરઆરએસપી રૂમ’ કહે છે.
- જો તમે ‘જીઆઈએસ ઝોન’માં હોવ તો ‘આરઆરએસપી’માં જમા કરાવેલો ફાળો તમારી આવકને એ મર્યાદા સુધી લઈ જઈ શકે જેનાથી તમે ‘જીઆઈએસ’ માટે લાયક ઠરો.

5. પરંતુ મેં સાંભળ્યું છે કે ‘આરઆરએસપી’ તમે નિવૃત્ત થતા પહેલાં જ ખરીદી શકો. શું એ સાચું છે?

- **ના.** એક વ્યક્તિ જેની પાસે ફાળો જમા કરાવવાની ‘રૂમ’ (જગ્યા) છે, તે 71 ની ઉંમર સુધી ‘આરઆરએસપી’માં નાણાં મૂકી શકે છે.
- જો તમારે ટેક્સ ભરવાનો થતો હોય તો ‘આરઆરએસપી’નો ફાળો તમને ઓછો ટેક્સ ભરવામાં સહાયક થશે.
- જો તમે જીઆઈએસ માટે લાયક ઠરતા હોવ તો ‘આરઆરએસપી’માં આપેલો ફાળો તમારી પૂર્તિ (સપ્લિમેન્ટ)ને વધારવામાં સહાયક થશે.

6. જ્યારે હું 71 નો થઈશ ત્યારે શું થશે?

- બેંક તમારા ‘આરઆરએસપી’ને ‘રજીસ્ટર્ડ રિટાયરમેન્ટ ઈન્કમ ફંડ’ (આરઆરાઈએફ) માં પરિવર્તિત કરશે.
- તમારે ‘આરઆરાઈએફ’માંથી દર સાલ થોડાંક નાણાં ચોક્કસ કાઢવાં જ જોઈએ.
- જે પૈસા તમે ઉપાડો તેના ઉપર તમારે કદાચ ટેક્સ ભરવાનો થાય. તેનો આધાર તમારી આવક કેટલી વધારે છે તેના ઉપર હોય છે.
- ‘આરઆરાઈએફ’ માંથી ઉપાડેલા પ્રત્યેક ડોલર સામે, તમારી ‘જીઆઈએસ’ સપ્લિમેન્ટ 50 સેન્ટથી ઓછી થશે.
- તમે 71 ની ઉંમર પછી ‘આરઆરાઈએફ’માંથી દર વર્ષે કેટલા તમારે ઉપાડવા જ જોઈએ તે માટે સરકાર નિયમ બનાવતી હોય છે. તેને લીધે તમારી ‘જીઆઈએસ’ આવક ઉપર અસર પડશે.



“We can afford to retire in 20 years, but only if our credit cards retire in 10 years.”

7. ‘ઓછી-આવક’વાળી વ્યક્તિ માટે ‘આરઆરએસપી’ કેવી રીતે કામ કરે છે તેનો એક દાખલો આપી શકશો?

- જ્યારે મૅરી 65નાં થાય છે, તેમની વાર્ષિક આવક $18000 હતી. તે ‘સીપીપી’ અને એક સામાન્ય પેન્શન મળીને હતી. તેઓ પૂર્ણ ‘ઓએએસ’ પેન્શન માટે પણ લાયક હતાં.
- મૅરીની આવક ‘જીઆઈએસ’ માટે લાયક ઠરવા માટે ખુબ વધારે હતી.
- મૅરી પાસે $ 60,000 ‘આરઆરએસપી રૂમ’ છે.
- દર વર્ષે, મૅરીએ 65 થી 71 વર્ષની ઉંમર દરમિયાન ‘આરઆરએસપી’ માંથી $10,000ની લોન વ્યાજના ઓછા દરે લીધી હતી.
- તેમના ‘આરઆરએસપી’ના ફાળાને લીધે તેમની કરપાત્ર આવક ઘટીને શૂન્ય થઈ ગઈ.
- મૅરી દર મહિને $346.76 અંશતઃ ‘જીઆઈએસ’ માટે લાયક બન્યાં.

મૅરી માટે તે કેવી રીતે શક્ય બન્યું

- તેઓ 71 નાં થયાં તે પછી મૅરીએ ‘જીઆઈએસ’નાં તથા અંશતઃ પોતાના ‘આરઆરઆઈએફ’માંથી નાણાં વાપરી નાખ્યાં.
- મૅરી 71 નાં થયા પછી વધારે ટેક્સ ભરશે, કારણ કે તેમને તેમના ‘આરઆરઆઈએફ’માંથી નાણાં મેળવશે. પરંતુ એ ટેક્સ કરતાં તેમણે ‘જીઆઈએસ’માંથી 6 વરસ સુધી જે વધારાનાં નાણાં મેળવ્યાં તેના કરતાં ઘણો ઓછો હશે.
- મૅરી 71 નાં થયા પછી ‘જીઆઈએસ’ માટે લાયક નહીં ઠરે કારણ કે તેમની આવક ઘણી વધારે હશે અને તેઓ હવે ‘આરઆરએસપી’માં ફાળો નહીં આપી શકે.
- છતાં, મૅરીએ 6 વરસમાં ‘જીઆઈએસ’માંથી $24,967 એકત્ર કર્યા, માત્ર એ કારણસર કે તેમણે ‘આરઆરએસપી’માં ફાળો આપ્યો હતો.
- ઉપરાંત, આ બધાં વર્ષો દરમિયાન, મૅરીએ ટેક્સની બચત કરી.

ઓછી આવકવાળા લોકો માટે ‘આરઆરએસપી’નું ચૅકલીસ્ટ

- ☑ શું તમે 65 અને 70 વચ્ચેની ઉંમરના છો?
- ☑ શું તમે ‘ઓલ્ડ એજ સિક્યુરિટી’ માટે લાયક છો?
- ☑ શું ‘જીઆઈએસ’ માટે લાયક ઠરવા અથવા ‘જીઆઈએસ’ને અધિકતમ કરવા તમારી આવકમાંથી તમારે વધુ કપાતોની આવશ્યકતા છે?
- ☑ શું તમારી ‘ઈન્કમટેક્સ નોટિસ ઓફ્ એસેસમેન્ટ’માં ‘આરઆરએસપી રૂમ’ દર્શાવેલી છે?
- ☑ શું તમારી પાસે ‘આરઆરએસપી’માં ફાળો આપવાનાં નાણાં છે, અથવા બેંકમાંથી ‘આરઆરએસપી’ લોન મેળવી શકો એમ છો?

શું છે....

‘આરઆરએસપી’ ‘રજીસ્ટર્ડ રિટાયમેન્ટ સેવિંગ્સ પ્લાન’

બચતનો આ એક એવો માર્ગ છે જે લોકોને કરપાત્ર આવક ઓછી કરવામાં મદદરૂપ થાય છે. આ એવા લોકો માટે બચતનો બુદ્ધિયુક્ત માર્ગ નથી જેમની આવકો એટલી હોય કે તેઓ સાવ ઓછો આવકવેરો ભરતા હોય કે બિલકુલ ભરતા ન હોય.

‘આરઆરઆઈએફ’ ‘રજીસ્ટર્ડ રિટાયરમેન્ટ ઈન્કમ ફંડ’

જ્યારે કોઈ વ્યક્તિ 71 ની થાય, ત્યારે બેંક તેમના ‘આરઆરએસપી’ને ‘રજીસ્ટર્ડ રિટાયરમેન્ટ ઈન્કમ ફંડ’ અથવા ‘આરઆરઆઈએફ’માં ફેરવી દે છે. તેમણે દર સાલ ‘આરઆરઆઈએફ’માંથી થોડાંક નાણાં ચોક્કસ ઉપાડવાં જ પડે. એ નાણાં કરપાત્ર હોય છે.

પ્રાયોજક

કેટલાક લોકો કેનેડામાં પ્રાયોજિત આપ્રવાસી તરીકે આવતા હોય છે. આનો અર્થ કે બીજી કોઈ વ્યક્તિ, ઘણીવાર પરિવારના કોઈ સભ્ય, આર્થિક રીતે તેમને માટે 10 વર્ષ માટે જવાબદાર રહેવા સંમત થયા હોય છે.

જીવન-સાથી

જીવન-સાથી એક એવી વ્યક્તિ હોય છે જેની સાથે આપ પરણ્યા હો અથવા જે તમારા ‘કૉમન લૉ પાર્ટનર’ હોય.

ટીએફ્એસએ ટેક્સ ફ્રી સેવિંગ્સ એકાઉન્ટ

આ ખાતું તમે બેંકમાં ખોલાવી શકો. તેમાં એક વર્ષમાં તમે $5,500 મૂકી શકો. જો તમે તમારી બચત પર વ્યાજ કમાઓ, તો એ વ્યાજ પર તમારે કરવેરો ભરવાનો હોતો નથી. જ્યારે તમે ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ’ માટે અરજી કરો ત્યારે એ વ્યાજને આવક ગણવામાં આવતું નથી. જે લોકોની આવકો ખુબ જ ઓછી હોય તેમને માટે બચતનો આ બુદ્ધિયુક્ત માર્ગ છે.

શું છે....

સીપીપી ‘કેનેડા પેન્શન પ્લાન’

જો તમે તમારી નોકરીયાત જીવન દરમિયાન તમારી પે-સ્લીપ પર કપાત કરાવીને ‘કેનેડા પેન્શન પ્લાન’માં જમા કરાવ્યા હોય, તો વહેલા 60 ની ઉંમરમાં તમે માસિક કેનેડા પેન્શન મેળવી શકો છો.

જીઆઈએસ ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ’

65 ની ઉંમરે જેમની નજીવી કે ‘ઓલ્ડ એજ સિક્યુરિટી’ સિવાયની કોઈ આવક ન હોય એવા લોકોને ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ (જીઆઈએસ)’ નામનો એક વધારાનો લાભ મળી શકે.

ઓએએસ ‘ઓલ્ડ એજ સિક્યુરિટી’

જો તમે વસવાટની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરતા હોવ તો, 65 વર્ષે શરૂ કરીને તમને માસિક સાધારણ ‘ઓએએસ’ પેન્શન મળી શકે. ‘ઓએએસ’ પેન્શન મેળવનારાઓના ઓછી આવકવાળા જીવન-સાથી અથવા ‘કૉમન લૉ પાર્ટનર’ માટે માસિક ભથ્થુ પણ હોય છે. જ્યારે ઓએએસ’ પેન્શન મેળવનાર અવસાન પામે છે, ત્યારે જીવન-સાથી ‘સર્વાઈવર’ માટેનું ભથ્થું મેળવી શકે છે. જીવન-સાથીના લાભો 60 થી 64 વર્ષ દરમિયાન ઉપલબ્ધ હોય છે.

‘ઓડીએસપી’ ઑંટારિઓ ડિસએબીલિટિ સપોર્ટ પ્રોગ્રામ

આ કાર્યક્રમ અસમર્થતાવાળા લોકોને ‘કેનેડા પેન્શન’,‘ઓલ્ડ એજ સિક્યુરિટી પેન્શન’ અને ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ’ મળવાનાં શરૂ થાય તે પહેલાં લાભ પ્રદાન કરે છે.

ઓડબલ્યુ ઑંટારિઓ વર્ક્સ

આ કાર્યક્રમ ઓછી આવકવાળા લોકોને ‘કેનેડા પેન્શન’,‘ઓલ્ડ એજ સિક્યુરિટી પેન્શન’ અને ‘ગેરંટીડ ઈન્કમ સપ્લિમેન્ટ’ મળવાનાં શરૂ થાય તે પહેલાં લાભ પ્રદાન કરે છે.